RNI NO. GUJGUJ/2015/64872

# ધી ઓપાન રોજ

વિદ્યાર્થીઓનુ પોતાનું શૈક્ષણિક સામાયિક

SINCE - 1968

Vol.No-3, Issue No-5 TOTAL PAGE-4 Ahmedabad, Tuesday 05/12/2017

## લોકશાહીનો આધાર સ્તંભઃ જાગૃત મતદાર



ભારતનો એકપણ મતદાર પોતાનાં મતાધિકારથી વંચિત ન રહે તે માટે ભારતીય ચૂંટણીપંચ પૂરતી કાળજી રાખે છે. જુનાગઢ જીલ્લામાં ઉના નજીક બાણેજમાં માત્ર એક મતદાર માટે મતદાન મથક ઉભું કરવામાં આવે છે. એક મતદાર માટે ચૂંટણી વ્યવસ્થાનાં આઠ લોકોનો સ્ટાફ અને પોલીસ તેમજ ગ્રામ રક્ષક દળની વ્યવસ્થા કરવામાં આવે છે.

ધર્મ, જાતિ, પ્રાંત કે પક્ષ કરતાં દેશ મહાન છે. દેશ સ્વતંત્ર સમૃદ્ધ હશે તો જ આપણે સલામત અને સમૃદ્ધ રહીશું.

ભારત વિશ્વનો સૌથી મોટો લોકશાહી ધરાવતો દેશ છે. 'લોકશાહીમાં લોકો જ સર્વોચ્ચ સત્તા ધરાવે છે.' એમ કહેવામાં આવે છે. કારણકે લોકો પાંચ વર્ષ માટે પોતાના પ્રતિનિધિઓને ચૂંટીને વિધાનસભા, લોકસભા અને સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓમાં મોકલે છે. આ ચૂંટાયેલા પ્રતિનિધિઓ પાંચ વર્ષ સુધી બરોબર શાસન ચલાવે, લોકોનાં પ્રશ્નો દૂર કરે, લોકોની માંગણીઓ પૂરી કરે તો લોકો ફરીથી તેને પાંચ વર્ષ માટે ચૂંટે છે. જો લોકો પ્રતિનિધિઓ ચૂંટાયા પછી લોકોને ભૂલી જાય તો પાંચ વર્ષ બાદ લોકો તેને સત્તાથી દૂર પણ ધકેલી શકે છે. સત્તા કોને સોંપવી તેનો લોક પાસે અધિકાર છે, તેને 'મતાધિકાર' કહેવામાં આવે છે.

ભારતમાં ૧૮ વર્ષની ઉંમરે મતાધિકાર પ્રાપ્ત થાય છે. મતાધિકાર પ્રાપ્ત કરવા ૧૮ વર્ષ કે તેથી વધુ વય ધરાવતાં દરેક નાગરિકે મતાધિકાર યાદીમાં પોતાનું નામ ચઢાવવા માટે ફોર્મ નં. ૬ ભરવું જરૂરી છે. મતાધિકાર યાદીમાં નામ નોંધાવવાથી ભારતીય ચૂંટણી પંચ તરફથી મતદારને ઓળખપત્ર આપવામાં આવે છે. જેનો ઉપયોગ ચૂંટણી સમયે તેમજ વિવિધ સરકારી યોજનાઓમાં ઓળખપત્ર તરીકે રજૂ કરી શકાય છે.

નિષ્પક્ષ અને ન્યાયી રીતે ચૂંટણી યોજાય તે માટે ભારતનાં બંધારણમાં 'ભારતીય ચૂંટણી પંચ' ને વિશાળ સત્તાઓ આપવામાં આવેલ છે. આમ છતાં, વર્ષો પહેલાં બોગસ વોટીંગ, બુથ કેપ્ચરીંગ જેવી ઘટનાઓ કેટલાંક સ્થળોએ બનતી રહી. આ દૂષણોને દૂર કરવાં ભારતીય ચૂંટણીપંચે વિજ્ઞાન અને ટેકનોલોજીની શોધખોળોનો ચૂંટણી પ્રક્રિયામાં ભરપૂર ઉપયોગ કર્યો છે. મતદાન મથકનું આખો દિવસ સતત રેકોર્ડીંગ કરવામાં આવે છે. બોગસ વોટીંગ અટકાવવા મતદારોને ફોટા સાથેની મતદાર કાપલી આપવામાં આવે છે. કોઈપણ ઉમેદવાર કે તેમના સાથીદારો ધાક ધમકીથી મતદાન પ્રક્રિયામાં ખલેલ ન પહોંચાડે તે માટે દરેક મતદાન મથકે પૂરતો પોલીસ બંદોબસ્ત કરવામાં આવે છે.

ભારતનો એકપણ મતદાર પોતાના મતાધિકારથી વંચિત ન રહે તેની પૂરતી કાળજી રાખવામાં આવે છે. જુનાગઢ જીલ્લામાં આવેલ બાણેજમાં માત્ર એક મતદાર માટે મતદાન મથક ફાળવવામાં આવેલ છે. એક મતદાર માટે ચૂંટણી વ્યવસ્થાનાં આઠ લોકોનો સ્ટાફ અને પોલીસ તેમજ ગ્રામ રક્ષક દળની વ્યવસ્થા કરવામાં આવે છે. આમ, ચૂંટણી પંચ દ્વારા તો તંદુરસ્ત લોકશાહીનું નિર્માણ થાય તે માટે પૂરતી વ્યવસ્થા કરવામાં આવે છે. હવે મતદાર તરીકે આપણી જવાબદારી આપણે કેટલી અદા કરીએ છીએ તેની ઉપર લોકશાહીનો આધાર છે!!!

જુના જમાનામાં 'યથા રાજા તથા પ્રજા' એવી કહેવત હતી. આજે લોકશાહીમાં તે કહેવત બદલાઈ ગઈ છે. 'જેવી પ્રજા તેવો રાજા' લોકશાહીમાં આપણાં રાજા રૂપે આપણાં પ્રતિનિધિઓને બેસાડવાની સત્તા આપણાં હાથમાં છે. આપણે ધર્મ, જાતિ, પ્રાંત કે કોઈપણ પ્રકારની સંકુચિત વિચારધારામાં કે પ્રલોભનમાં આવ્યાં વગર યોગ્ય વ્યક્તિને મત આપીને ચૂંટીશુ તો તે યોગ્ય રીતે દેશનું કે રાજ્યનું શાસન ચલાવશે. ભારત દેશનાં ઉજ્જવળ ભવિષ્ય માટે દરેક નાગરિકે જાગૃત થવાની ખાસ જરૂર છે. સૌ પ્રથમ દરેક નાગરિક આળસનો ત્યાગ કરી પોતાનાં મતાધિકારનો ઉપયોગ કરે અર્થાત મતદાન કરે તે ખૂબ જ જરૂરી છે. મતદાન કરવાની સાથે યોગ્ય ઉમેદવારને મત આપવો તે પણ એટલી જ મહત્વની બાબત છે.

ચૂંટણીમાં વિજેતા બન્યા બાદ લોકોને ભૂલી જનારા પ્રતિનિધિઓને લોકોએ પોતાની શક્તિનો પરચો આપ્યો હોય તેવું દરેક ચૂંટણીમાં, દરેક રાજ્યમાં જોવા મળ્યું છે. મંત્રી પદ મળી જતાં લોકોને વિસરી જનાર નેતાઓને ઘરે બેસાડીને મતદારોએ પોતાની જાગૃતિનો અનુભવ અનેકવાર કરાવ્યો છે.

દિન પ્રતિદિન મતદાર વધારે જાગૃત થાય અને માત્ર પોતાનું નહીં, પરંતુ દેશનું ભલું ઈચ્છનાર વ્યક્તિની પસંદગી કરે તે ખૂબજ જરૂરી છે.

દેશની લોકશાહીનો મુખ્ય આધાર સ્તંભ જાગૃત મતદાર છે. જો મતદારો સાચા અર્થમાં જાગૃત થશે તો દેશનું ભવિષ્ય ઉજ્જવળ બનશે. જુદી જુદી લાલચો આપીને મતની ભીખ માંગનાર વ્યક્તિઓને ચૂંટીશું તો, આપણે પણ ભીખ માંગવાનો જ વારો આવશે. ધર્મ, જાતિ, પ્રાંત કે પક્ષ કરતાં દેશ મહાન છે. દેશ સ્વતંત્ર અને સમૃદ્ધ હશે તો જ આપણે સલામત અને સમૃદ્ધ રહીશું.

જેના હૈયે દેશનું હીત વસેલું હોય તેવાં ઉમેદવારની પસંદગી કરીએ. ચૂંટણીમાં ઉભેલા તમામ વ્યક્તિઓ સ્વાર્થી જણાતા હોય તો જે વ્યક્તિ ઓછો સ્વાર્થી જણાય તેને મત આપીએ. મતાધિકારનો અવશ્ય લાભ લઈએ.



અચૂક મતદાન કરીએ. મતદાન એ આપણો હક અને પવિત્ર ફરજ પણ છે.

**રાજેશ ધામેલિયા**
શિક્ષક, સુરત

## કેળવણી એટલે ખિલવણી

સંસ્કારોનું સિંચન કરે, જ્ઞાનનું દર્શન કરાવે, સંસ્કૃતિનું જતન કરે, વિકૃતિનું વિસર્જન કરે, પ્રકૃતિનું વર્ધન કરે, સમાજમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિનું સ્થાપન કરે તે શિક્ષક..

કવિવર રવિન્દ્રનાથ ટાગોર લખે છે...

શિક્ષક માત્ર સજ્જન હોય તેટલી અપેક્ષા પૂરતી નથી. કોઈપણ યુગનો શિક્ષક તેની પેઢીનાં માણસો કરતાં ઘણો ચડિયાતો, ઘણો ભવ્ય, ઘણો નિતિમાન, વિશિષ્ટ કલાકાર, તત્વદર્શી, ચિંતક, સર્જક અને વિદ્વાન હોવો જોઈએ. તેણે શું ભણાવ્યું કે કેમ ભણાવવું એ જેટલું અગત્યનું છે. તેનાં કરતાં વિશેષ અગત્યની વાત તો એ છે કે તે વિદ્યાર્થીઓને આત્મદર્શન કરવાનું – પોતાનામાં પડેલી શક્તિનું દર્શન કરવાનું શીખવી શકે.

Develop a passion for learning You will keep growing

ગાંધીજી કહે છે કે- જીવો એ રીતે કે આવતી કાલે જાણે મરી જવાનું છે. અને શીખો એ રીતે કે જાણે કાયમને માટે શીખવાનું છે.

શિક્ષકનું શિક્ષકત્વ ઉજાગર થાય તો જ કેળવણીની ખિલવણી થાય. સંનિષ્ઠ શિક્ષકનું કાર્ય વિદ્યાર્થીઓમાં નિષ્ઠા કેળવવાનું, સદ્ગુણોની પ્રતિષ્ઠા કરવાનું અને જીવનમાં આસ્થા જગાવવાનું છે.

*નજરો કો બદલો નજારે બદલ જાયેંગે*
*સોચ કો બદલો સિતારે બદલ જાયેંગે*
*કશવીયાં બદલનેકી જરૂરત નહી હૈ*
*દિશા કો બદલો કિનારે બદલ જાયેંગે.*

આપણું મન એક કલ્પવૃક્ષ છે. આપણે જેવું વિચારીએ છીએ એવું જ ભાવાવરણ આપણી આસપાસ રચાય છે. એક માણસ પોતાના ગામ જઈ રહ્યો હતો. ભૂખ તરસથી, પીડાતો, થાકેલો એક વૃક્ષની શીતળ છાયામાં વિશ્રામ કરવા બેઠો અને કલ્પના કરવાં લાગ્યો. 'કાશ, અહીં પીવા માટે પાણી હોત' તેવામાં પાણીનું ઝરણું ફૂટ્યું. તેણે પાણી પી ને તરસ છીપાવી. ફરીથી વિચાર્યું કે થોડુંક ખાવાનું હોત. તેવામાં સ્વાદિષ્ટ પકવાનથી ભરેલો એક થાળ આવ્યો. ભોજન પછી તેણે સૂવા માટે કલ્પના



કરી તો પલંગ આવી ગયો. આ બધી ઘટનાઓથી ડરી જઈને વિચાર કરવા લાગ્યો કે ક્યાંક આ બધી માયાવી રાક્ષસ તો નથી. તેવામાં રાક્ષસ સામે આવીને ઉભો રહ્યો. 'મને ખાઈ ન જાય' આવું વિચારતાંની સાથે જ તે રાક્ષસ તે વટેમાર્ગુને ખાઈ ગયો. વાસ્તવમાં તે વૃક્ષ કલ્પવૃક્ષ હતું. જે મનની ઈચ્છા અનુસાર ફળ આપતું હતું. કેળવણી દ્વારા બાળકોમાં હકારાત્મક અભિગમ કેળવાય છે. વ્યક્તિનું બ્લડગૃપ ગમે તે હોય પરંતુ જ્યારે તે 'Be Positive' સૂત્રને લોહીમાં વણી લે છે ત્યારે જ તે જીવનમાં સફળ થાય છે.

શિક્ષક જ બાળકનાં હૃદયમાં જ્ઞાનની ભરતી રેલાવવાનું ચુંબકીય બળ પૂરું પાડે છે. શિક્ષકનું સાફલ્ય તેની શક્તિની સમગ્રતામાં, તેના વિચારની વિપુલતામાં તેના ચિંતનની મૌલિકતામાં અને તેના સંપૂર્ણ જીવનની સત્વશીલતામાં રહેલું છે.

કેળવણી બાળકોમાં સદ્ગુણોની ખિલવણી કહે છે. વિચારની વાવણી દ્વારા જ આચારની ખિલવણી થાય છે. સદ્વિચાર જ સદાચારની જનની છે. બાળકોનાં કુમળા મનોપ્રદેશમાં વિચાર બીજ રોપાય છે અને સમય જતાં તે વટવૃક્ષ બનીને ફળ આપે છે ! વિદ્યાર્થીઓમાં જો ઉમદા માનવીય મૂલ્યોનું સિંચન થાય તો આ જગત મહાપુરુષોથી ઉભરાઈ જાય !

અમૃત ઘાયલ લખે છે –

*નથી બીજુ કમાયા કે જીવનની એક કમાઈ છે,*
*અમારે મન મૂડી અમારી માણસાઈ છે.*

એક શિક્ષક તરીકે એટલું જરૂર યાદ રાખીએ –

શું શીખવું એ અગત્યનું છે, કેવી રીતે શીખવું એ વધારે અગત્યનું છે. અને શા માટે શીખવું એ સૌથી વધુ અગત્યનું છે.

કુટુંબ હોય, ઘર હોય કે શાળા હોય આપણે બધા એકબીજાનાં આધારે જીવીએ છીએ. પરંતુ એકબીજા માટે જીવીએ છીએ ખરા ? કુટુંબનાં સભ્યો વચ્ચે, શાળામાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ વચ્ચે અરસ પરસ સ્નેહ સેતુ રચાય અને એકબીજા માટે આદરની ભાવના પેદા થાય તે ખૂબ જરૂરી છે.

ઈટાલીનાં મિલાનો શહેરમાં વિશ્વ વિખ્યાત દેવાલય બાંધતી વખતે કેટલીક મૂર્તિઓ એવી ઉંચી અને ભીડાતી જગ્યાએ મૂકવાની હતી કે કોઈની નજર ત્યાં સુધી ન પહોંચી શકે. તો પણ શિલ્પકાર પોતાનાં કામમાં લીન થઈને એક એક રેખાઓમાં અને મરોડમાં પોતાની કલા છાલવીને મૂર્તિઓ કોતરતો હતો. એક મિત્રએ એ જોઈને ટીકા કરી. આ મૂર્તિ પર કોઈની નજર સરખીયે પડવાની નથી તો પછી એની પાછળ આટલી બધી મહેનત કેમ ઉઠાવો છો ? ઝટ પતાવી દો તોય ચાલશે. શિલ્પિએ મૂર્તિમાંથી આંખ ઉંચી કર્યા વગર જવાબ આપ્યો.

"મારી કૃતિ છે એટલે શ્રેષ્ઠ જોઈએ, પછી ભલે કોઈ એ જુએ કે ના જુએ. હું તો જોઉં છું અને બીજુ કોઈ નહી તો ભગવાન તો એ જોશે ને !

એક શિક્ષક, માળી અને શિલ્પી – આ ત્રણેયનું કાર્ય એક સમાન છે. અલબત્ત, સાધનો અને સાધના જુદાં છે. પરંતુ અંતિમ લક્ષ્ય તો સર્જન છે, ખિલવણી છે, ઘડતર છે.

જ્યારે શિક્ષક પણ એમ વિચારે – મારૂ અધ્યાપન કાર્ય છે. એટલે શ્રેષ્ઠ જોઈએ.. મારો વિદ્યાર્થી છે એટલે શ્રેષ્ઠ જોઈએ.. મારી શાળા છે એટલે શ્રેષ્ઠ જોઈએ.. મારૂ રાષ્ટ્ર છે એટલે શ્રેષ્ઠ જોઈએ.. તો કેળવણીની સાચા અર્થમાં ઉજવણી થાય ! Celebration of Education.

એક સુંદર વિચારને આપણાં માનસપટ પર કંડારી લઈએ – આપણે જો એક કલાકનો આનંદ મેળવવો હોય તો આરામ કરવો પડે, એક દિવસનો આનંદ મેળવવો હોય તો ઊજાણી પર જવું પડે, એક અઠવાડિયાનો આનંદ મેળવવો હોય તો પ્રવાસે જવું પડે, એક વર્ષનો આનંદ મેળવવો હોય તો વારસામાં સંપત્તિ મેળવવી પડે અને જીંદગીભરનો આનંદ મેળવવો હોય તો આપણે આપણાં રોજીંદા કામને ચાહવું પડે.. કર્તવ્યનિષ્ઠ બનવું પડે !



**કમલેશ શુક્લ**
આચાર્ય, ઈડર

# "કૌન બનેગા" SUPER THE OPEN PAGE 'STUDENT'



વિદ્યાર્થી મિત્રો, અને વાલી મિત્રો,
હવે The Open Page દ્વારા સામાન્ય જ્ઞાનમાં વધારો થાય અને આવતી પ્રખરતા શોધ કસોટી, સ્પર્ધાત્મક પરીક્ષામાં ઉપયગી બને માટે દર મહિને ૨૫ પ્રશ્નો આપની જ્ઞાન કસોટી માટે મૂકવામાં આવશે.

**૧.સૂર્યનાં પાર જાંબલી કિરણોથી આપણું રક્ષણ કોણ કરે છે.**
(ક) આર્ગોન (ગ) ઓઝોન
(ખ) હિલિયમ (ઘ) ઓક્સિજન

**૨.ઘણાં ફળોમાં મીઠી સુવાસ શાને કારણે આવતી હોય છે ?**
(ક) આલ્કોહોલ (ગ) ચરબી
(ખ) ખાંડ (ઘ) એસ્ટર

**૩. ભારતનો ક્યો બંધ દુનિયાનો સૌથી મોટો બંધ ગણાય છે ?**
(ક) ભાખરા નાંગલ (ગ) સરદાર સરોવર
(ખ) નાગાર્જુન સુગર (ઘ) હીરાકુંડ

**૪. ગુજરાતમાં ક્યાં સ્થળે ઘેટાં ઉછેર કેન્દ્ર આવેલું છે ?**
(ક) જૂનાગઢ (ગ) પાટણ
(ખ) મોડાસા (ઘ) પાલનપુર

**૫. 'રાષ્ટ્રીય કવિ' તરીકે નીચેનામાંથી કોનું નામ જાણીતું છે ?**
(ક) મહાદેવી વર્મા (ગ) સ્નેહ રશ્મિ
(ખ) રમેશ ગુપ્તા (ઘ) શયદા

**૬. મહાભારતનાં રચયિતા કોણ હતાં ?**
(ક) વાલ્મીકિ (ગ) બ્રહ્મભટ્ટ
(ખ) વ્યાસમુનિ (ઘ) કણાદ

**૭. બાંગ્લાદેશની ત્રણ બાજુએ ભારતનું ક્યું રાજ્ય આવેલું છે ?**
(ક) નાગાલેન્ડ (ગ) પશ્ચિમ બંગાળ
(ખ) મેઘાલય (ઘ) ત્રિપુરા

**૮. પંડિત જવાહરલાલ નહેરૂનું સમાધિ સ્થળ 'શાંતિવન' ક્યાં આવેલું છે ?**
(ક) દિલ્હી (ગ) કાનપુર
(ખ) અલ્હાબાદ (ઘ) આગ્રા

**૯. ચૂંટણીપંચનાં વડા (ચૂંટણી કમિશનર) ની નિમણુંક કોણ કરે છે ?**
(ક) રાષ્ટ્રપતિ (ગ) યુ.પી.એસ.સી.
(ખ) ઉપ રાષ્ટ્રપતિ (ઘ) વડાપ્રધાન

**૧૦. કોમ્પ્યુટરમાં વપરાતી 'આઇ.સી. ચીપ્સ' શેની બનેલી હોય છે ?**
(ક) ક્રોમિયન (ગ) સિલિકોન
(ખ) આર્યન ઓક્સાઇડ (ઘ) ચાંદી

**૧૧. હિમાલયની તળેટીમાં આવેલું હિંદુઓનું પવિત્ર યાત્રા ધામ ક્યું ?**
(ક) બદ્રીનાથ (ગ) હરદ્વાર
(ખ) કેદારનાથ (ઘ) મથુરા

**૧૨. સફેદ કમળ ક્યાં દેશનું રાષ્ટ્ર ચિહ્ન છે ?**
(ક) ડેન્માર્ક (ગ) ઇરાન
(ખ) કેનેડા (ઘ) સ્પેન

**૧૩. બાળ કલ્યાણ અને બાળ વિકાસનાં ઉદ્દેશ સાથે સંયુક્ત રાષ્ટ્રોની કઇ વિશિષ્ટ સંસ્થા કાર્ય કરે છે ?**
(ક) યુનિસેફ (ગ) ITU
(ખ) WHO (ઘ) IMF

**૧૪. સંયુક્ત રાષ્ટ્રોનું વડું મથક ક્યાં દેશમાં આવેલું છે ?**
(ક) ન્યુયોર્ક (ગ) જિનિવા
(ખ) હેગ (ઘ) પેરિસ

**૧૫. ચીનનું અણુ સંશોધન અને અણું શસ્ત્રોની ચકાસણી માટેનું સ્થળ ક્યું છે ?**
(ક) લવ્રે (ગ) હાઇડપાર્ક
(ખ) લિપ.નોર (ઘ) પોમ્પી

**૧૬. વિશ્વમાં સૌથી ઉંચી ભરતી ક્યાં આવે છે ?**
(ક) બંગાળની ખાડી (ગ) હડસનની ખાડી
(ખ) ફંડીની ખાડી (ઘ) બફ્નની ખાડી

**૧૭. બીડીઓ બનાવવા શાના પાન વપરાય છે ?**
(ક) ખાખરો (ગ) ટીમરૂ
(ખ) પીપળ (ઘ) એર

**૧૮. ગુજરાતનાં દરિયા કિનારે કાદવ કિચડવાળા વિસ્તારનાં જંગલોને ક્યાં નામથી ઓળખાય છે ?**
(ક) મેન્ગ્રોવ (ગ) મોસમી
(ખ) ખરાઉ (ઘ) કાંટાળા

**૧૯. નીચેનામાંથી કઇ કૃતિનાં લેખક ગાંધીજી નથી ?**
(ક) સત્યનાં પ્રયોગો (ગ) દક્ષિણ આફ્રિકાનો સત્યાગ્રહ
(ખ) અહિસા વિવેચન (ઘ) બાપુનાં પત્રો

**૨૦. ઓઝોન પડને નુકશાન થવાથી કેવા રોગ થાય છે ?**
(ક) મોતીયો (ગ) ચામડીનાં રોગો
(ખ) ચામડીનું કેન્સર (ઘ) ત્રણેય

**૨૧. ૧૫મી ઓગષ્ટનાં રોજ ભારતની કઇ મહાન વિભૂતિનો જન્મ દિવસ છે ?**
(ક) મહર્ષિ અરવિંદ (ગ) સ્વામી વિવેકાનંદ
(ખ) દયાનંદ સરસ્વતી (ઘ) વિનોબા ભાવે

**૨૨. $(a^m)^n$ નો સાચો જવાબ શું થશે ?**
(ક) $a^m a^n$ (ગ) $a^m + a^n$
(ખ) $a^{m+n}$ (ઘ) $a^{mn}$

**૨૩. તાલુકા પંચાયતનાં સભ્યોની સંખ્યા ઓછામાં ઓછી કેટલી હોય છે ?**
(ક) ૨૫ (ગ) ૧૫
(ખ) ૩૦ (ઘ) ૨૦

**૨૪. ૩,૮,૭,a,૪,૯ નો મધ્યક 6 હોય તો a ની કિંમત શું થાય ?**
(ક) ૬ (ગ) ૭
(ખ) ૫ (ઘ) ૬.૭

**૨૫. રૂા. ૧૬૦૦નું ૭.૫% લેખે ૨ વર્ષનું ચક્રવૃદ્ધિ વ્યાજ કેટલું થાય ?**
(ક) ૨૪૯ (ગ) ૩૪૯
(ખ) ૨૯૪ (ઘ) ૩૯૪



વધુ આવતાં અંકે મળીશું.. આપના જવાબ ૨૦ તારીખ સુધીમાં 'ધી ઓપન પેજ'ને મોકલી આપવા

**સથવારા નિમિષા**
આચાર્ય, અમદાવાદ

# પ્રતિભાદેવીસિંહ પાટિલ



શ્રીમતી પ્રતિભાદેવીસિંહ પાટિલ ભારતનાં બારમાં રાષ્ટ્રપતિ અને ભારતનાં સર્વોચ્ચ સંવેધાનિક કાર્યાલયમાં નિમણૂંક પામનારા પ્રથમ મહિલા છે. ભારતનાં પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ રૂપે તેમનું નામ ઇતિહાસમાં લખાયેલ છે. તેઓ વકીલ હતાં અને તેઓ રાજસ્થાનનાં રાજ્યપાલ પદે કાર્યરત રહ્યાં છે.

૧૯મી ડિસેમ્બર ૧૯૩૪નાં જલગાંવ, મહારાષ્ટ્રમાં જન્મ લેનાર પ્રતિભાતાઇ (હુલામણુ નામ) શ્રી નારાયણરાવ પાટીલનાં સંતાન છે. સાડી અને મોટો ચાંદલો કરનાર આ સાધારણ દેખાનાર મહિલા રાજનીતિમાં આવ્યાં પહેલાં સામાજિક કાર્યકર રૂપે હતાં.

મૂલજી જેતા કોલેજથી રાજનીતિશાસ્ત્ર અને અર્થશાસ્ત્ર વિષયમાં માસ્ટર ડિગ્રી લેનાર પ્રતિભાતાઇ ટેનિસનાં ખૂબ સારા ખેલાડી હતાં. ૧૯૬૨માં એમ. જે.કોલેજમાં 'કોલેજ કવીન' નો ખિતાબ તેમના નામે છે. તેમણે એમ.એ. બાદ મુંબઇનાં ગવર્મેન્ટ કોલેજથી Law (કાનૂન)નો અભ્યાસ પણ કરેલ છે. તેઓ ૧૯૬૨માં ભારતીય રાષ્ટ્રીય કોગ્રેસ પાર્ટીમાં જોડાયા. તેઓ જલગાંવ જિલ્લા ન્યાયાલયમાં વ્યવસાયિક વકીલ રૂપે પોતાની કરીયરની શરૂઆત કરી, ૨૭ વર્ષની આયુમાં ૧૯૬૨માં રાજનીતિક જીવનનો પ્રારંભ કરનાર પ્રતિભાતાઇ પાંચ વાર મહારાષ્ટ્ર વિધાનસભાના સદસ્ય રહ્યા. આ દરમ્યાન ૧૯૬૭થી ૧૯૭૨ સુધી મહારાષ્ટ્ર સરકારમાં રાજ્ય મંત્રી અને ૧૯૭૨થી ૧૯૭૮ સુધી કેબિનેટ મંત્રી રહ્યા અને અનેક મંત્રાલયોના કારભાર તેમણે સંભાળ્યા જેમા પ્રયર્ટન, આવાસ, સાર્વજનિક સ્વાસ્થ્ય, સંસદીયકાર્ય વગેરે મુખ્ય છે. ૧૯૮૬માં રાજ્યસભાના ઉપસભાપતિ પણ રહ્યા ૧૮મી નવેમ્બર ૧૯૮૭થી ૫મી નવેમ્બર ૧૯૮૮ સુધી તેઓ સભાપતિ-રાજ્યસભાના પણ રહ્યા એની સાથે-સાથે તેઓ લાભ સમિતિનાં અધ્યક્ષા અને સદસ્યા, વ્યાપાર સલાહકાર સમિતિ- રાજ્યસભા, પ્રદેશ કોગ્રેસ સમિતિ મહારાષ્ટ્રની અધ્યક્ષા, રાષ્ટ્રીય શહેરી સહકારી બેંક અને ઋણ સંસ્થાઓનાં નિર્દેશક રહ્યાં છે. ૧૯૮૯-૧૯૯૦માં તેઓ મહારાષ્ટ્ર પ્રદેશ કોગ્રેસનાં પ્રમુખ બન્યાં. તેઓ ૮મી નવેમ્બર ૨૦૦૪નાં રાજસ્થાનનાં રૂપમાં નિયુક્તિ પામ્યાં. તેમણે ભારતનાં રાષ્ટ્રપતિ પદનાં નિવચિન માટે ૨૨ જૂન ૨૦૦૭નાં રાજ્યપાલ પદેથી રાજીનામુ આપી દીધું.

પોતાના લાંબા સાર્વજનિક જીવનમાં તેઓ અનેકો પ્રખ્યાત સંસ્થાઓ સાથે જોડાયેલા રહ્યાં છે. જેમાં જળ પ્રદૂષણ નિયંત્રણ બોર્ડનાં અધ્યક્ષારૂપે, ક્રેડિટ સોસાયટીઝ, ગવર્નિંગ કાઉન્સિલ રૂપે, ૨૦ બિંદુ કાર્યક્રમ કાર્યાન્વયન સમિતિ, મહારાષ્ટ્ર સરકારનાં રૂપે કાર્યરત રહ્યાં. આંતરરાષ્ટ્રીય મંચો પર તેમણે ભારતનું પ્રતિનિધિત્વ કરેલ છે. તેઓ નેરોબી અને વ્યૂટોરિકોમાં સામાજિક કલ્યાણ સમ્મેલનો માટે આંતરરાષ્ટ્રીય પરીષદમાં ભાગ લીધો. લંડનમાં કોમન વેલ્થ પ્રેસિડિંગ ઓફિસર કાન્ફ્રન્સનાં સદસ્ય રૂપે પણ ૧૯૮૮માં હાજર રહેલાં. તેમણે ભારતીય પ્રતિનિધિ મંડળને ઓસ્ટ્રેલીયામાં 'મહિલાની સ્થિતિ' પર સમ્મેલનમાં શામેલ કરેલ અને ૧૯૯૫માં વિશ્વ મહિલા સંમેલન- બિજીંગ – ચીનમાં પ્રતિનિધિ રૂપે હાજર રહ્યાં.

પોતાના સામાજીક જીવન દરમ્યાન શ્રીમતી પાટીલ મહિલાઓ અને બાળકોનાં કલ્યાણ, અને સમાજથી વંચિત વર્ગો માટે સક્રિય રૂપે કાર્ય કરેલ છે. તેમના માટે અનેક સંસ્થાનોની સ્થાપના તેમણે કરેલ. મુંબઇ અને દિલ્હીમાં તેમણે નોકરીયાત વર્ગની મહિલાઓ એટલે નોકરી કરનાર મહિલાઓ માટે હોસ્ટેલની સ્થાપના કરી. ગ્રામીણ યુવાઓ માટે જલગાંવમાં એન્જીનીયરીંગ કોલેજની સ્થાપના કરેલ.

જલગાંવમાં નેત્રહિન વિકલાંગો માટે એક ઔદ્યોગિક પરિક્ષણ વિદ્યાલય, બાળકો માટે શાળાઓ, એક કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, (ખેડૂતો માટે શિક્ષણ કેન્દ્ર) મહિલા વિકાસ મંડળની સ્થાપના માટે અગ્રણી ભૂમિકા ભજવેલ. તેઓએ અમરાવતી, મહારાષ્ટ્રમાં ગરીબ અને જરૂરતમંદ મહિલાઓ માટે સંગીત, કમ્પ્યુટર અને સિલાઇનાં વર્ગોનાં આયોજનમાં મહત્વપૂર્ણ ભૂમિકા બજાવેલ. જલગાંવમાં મહિલાઓ માટે હોમગાર્ડનું આયોજન કરેલ.

શ્રીમતી પ્રતિભા પાટીલજીનાં લગ્ન ડો. દેવસિંહ રામસિંહ શેખાવતજી સાથે થયેલ છે. તેઓ પી.એચ.ડી છે. તેમના બે સંતાનોમાં એક દિકરી, શ્રીમતી જ્યોતિબેન રાઠોડ અને એક દિકરો શ્રી રાજેન્દ્રસિંહ છે.

તેઓ ઘણાં બધા વિવાદો સાથે જોડાયેલા રહ્યાં છે. પરંતુ પ્રથમ મહિલા રાષ્ટ્રપતિ રૂપે તેઓ સદાય યાદગાર રહ્યાં છે. અને સદાય યાદગાર રહેશે. બાળપણથી રાષ્ટ્રપતિ ભવન સુધીની પ્રતિભા પાટીલજીની યાત્રા એક પ્રેરક પ્રસંગ છે. અને મહિલા સશક્તિકરણની દિશામાં એક અનેરી આશાનું કિરણરૂપે રહ્યાં. ભારતીય ઇતિહાસનાં સોનેરી પાને આ ઔતિહાસિક ઘટના ખરેખર સ્મરણીય બની રહેશે.



**હર્ષા ઠક્કર**
શિક્ષક, ભૂજ

વૈધાનિક સુચનાઃ ધી ઓપન પેજ, મંથલી ન્યુઝ પેપરમાં પ્રકાશિત સામગ્રીમાં લેખકોના પોતાના વિચાર છે. સંપાદક તથા પ્રકાશક એ સાથે સહમત હોય તે જરૂરી નથી.
ધી ઓપન પેજની સમાચાર સંબંધિત બધા જ વાદ – વિવાદ પ્રકાશન તારીખથી ૩ (ત્રણ) માસની અંદર માત્ર અમદાવાદ ન્યાયક્ષેત્રમાં થઇ શકશે.

# ચાલો બાળકોનાં વિશ્વને સપ્તરંગી બનાવીએ

આપણાં પ્રથમ વડાપ્રધાન પંડિત જવાહરલાલ નહેરૂનો જન્મ દિવસ (૧૪મી નવેમ્બર) સમગ્ર દેશમાં બાળદિન તરીકે ઉજવાય છે. આ ઉપરાંત ૨૦મી નવેમ્બર સમગ્ર વિશ્વ આંતરરાષ્ટ્રીય બાળદિન તરીકે ઉજવે છે. આ દિવસની માત્ર ઔપચારિક ઉજવણીઓ કરીને સંતોષ માનવો ભારત અને દુનિયાના ભવિષ્ય માટે અપકારક છે. ચાલો બાળકોની સપ્તરંગી દુનિયાને સાકાર કરવા તેને આ સાત ભેટ આપીએ.



**૧. પ્રત્યેક બાળકને શિક્ષણ અને સમય આપીએ**

આજનું બાળકએ આવતીકાલનું માત્ર નાગરિક નહીં પણ વિશ્વ નાગરિક બનવાનું છે. ત્યારે તેને ભારતીય સંસ્કૃતિ ઉપરાંત અંગ્રેજી શિક્ષણ, ટેક્નોલોજી, કોમ્યુનિકેશન, મેનેજમેન્ટ, પર્યાવરણ, જાતીય શિક્ષણ, સમુહ જીવન, સ્વાસ્થ્ય અંગેનું શિક્ષણ આપવું પડશે. આ ઉપરાંત આજનું બાળક તેના વ્યસ્ત મા-બાપ પાસેથી સમય ઝંખે છે. યાદ રાખો તેની મુગ્ધતા અને ઉત્સુકતાને સંતોષવા આજે તમે તેને સમય નહી આપો તો આવતી કાલે તે તમને ઘરડા ઘરમાં મુકશે એવી ફરીયાદ પણ નહી કરી શકો.

**૨. પ્રત્યેક બાળક અનોખુ છે તે સમજીએ અને તેના રસ-રૂચીને પોષીએ**

દરેક બાળક બીજા બાળક કરતાં અલગ છે. માટે જ તેની સરખામણી અન્ય સાથે કરવાનું બંધ થવું જોઈએ. દરેક બાળકની અંદર અદ્‌ભૂત શકિતતાઓ છુપાયેલી છે. આ શક્યતાઓ, સર્જન અને સકારાત્મકતાને બહાર લાવી, પોષવાનું કામ માતા-પિતા, શિક્ષક અને સમાજે મળીને કરવાનું છે. બાળકને તેનાં શોખની દિશામાં આગળ વધવા માટે યોગ્ય વાતાવરણ અને માર્ગદર્શન પુરૂ પાડવું જોઈએ. જીવનમાં કરોડો રૂપિયા કમાવા કરતાં સુખ અને સંતોષ વધુ મહત્વનાં છે. તેવું સમજાવીએ.

**3. પ્રત્યેક બાળકમાં વૈજ્ઞાનિક અભિગમ વિકસાવીએ.**

બાળકને વૈજ્ઞાનિક અભિગમ સાથે જીવવાનું શીખવવું મતલબ કે તેને દરેક ઘટના, વસ્તુ, ક્રિયા પાછળ રહેલ વિજ્ઞાન અને તર્કને સમજાવવા કુદરતમાં રહેલ વિજ્ઞાન અને મનુષ્યએ વિજ્ઞાન દ્વારા સાધેલા વિકાસને સમજાવી તેને હંમેશા કોઈપણ બાબત માનવા માટે વિજ્ઞાનનો આધાર લેવાનું જણાવવું જોઈએ. હંમેશા શું ?, કેવી રીતે, શા માટે ? જેવા પ્રશ્નો પૂછતા રહીને તેને વૈજ્ઞાનિક અભિગમ તરફ આગળ ધપાવવો જોઈએ. બાળકોનાં દરેક પ્રશ્નનાં જવાબ અથવા જવાબ શોધવા માટેની દિશા આપવી જોઈએ.

**૪. પ્રત્યેક બાળકને તેના અધિકાર સમજાવવા જોઇએ.**

આપણો દેશ અને સમાજ બાળકોને વિકસવા માટે કેટલાક અધિકારો આપે છે. આ અધિકાર દરેક બાળક જાણે, સમજે અને તેનો ઉપયોગ કરે તો જ મજબુત રાષ્ટ્રનું નિર્માણ થાય. દા.ત. શિક્ષણ અધિકાર અધિનિયમ ૨૦૦૯, ૧૪ વર્ષની ઉંમર સુધી કોઈપણ જોખમી નોકરીથી સંરક્ષિત થવાનો અધિકાર વગેરે. આમ, પોતાના અધિકાર અંગે જાણીને પોતાની ફરજો નિભાવતું બાળક જ દેશનો ઉત્તમ નાગરિક બને છે.

**૫. પ્રત્યેક બાળકમાં રાષ્ટ્રપ્રેમ તથા આપણી સંસ્કૃતિ પરત્વે આદરભાવ વિકસાવીએ.**

દુનિયાની જુનામાં જુની સંસ્કૃતિઓમાંની એક સંસ્કૃતિ ભારતીય સંસ્કૃતિ છે. તે ટકી રહી છે. તેનો મતલબ જ એ થાય કે તે મજબુત છે. ભારતનાં કેટલાય રીવાજોને હવે સાવ અલગ જ એવા વૈજ્ઞાનિક અને વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં જોવાઈ રહ્યાં છે. બાળક ગમે તે ભાષા શીખે, ગમે તે રીવાજ પાળે, ગમે તે ધર્મ અપનાવે પણ તેને પોતાની સંસ્કૃતિ અને દેશ પરત્વે ગૌરવ કાયમ રહેવું જોઈએ. આ માટે આપણી આઝાદી કઇ રીતે આપણે પ્રાપ્ત કરેલ છે. તેનું જ્ઞાન તેને અવશ્ય મળવું જોઈએ.

**૬. પ્રત્યેક બાળકને પોતાના શરીર અંગે તથા શોષણ અંગે સભાન બનાવીએ.**

બાળક માત્ર ભણે એટલું જ નહીં પણ સ્વાસ્થ્યની દ્રષ્ટિએ વિકસે અને પોતાના શરીરને સમજે એ પણ ખૂબજ જરૂરી છે. જેટલો તેને વિશ્વ અંગેનું જ્ઞાન મેળવવાનો અધિકાર છે. એટલો જ પોતાના વિશે પણ જાણવાનો હક છે. પોતાના શરીર અને સ્વાસ્થ્યને સમજતું બાળક આપોઆપ શોષણથી મુક્ત બનશે. શરીરને સમજતું બાળક સ્પર્શની ભાષા પણ સમજતું થશે અને તે સ્પર્શ અંગેનાં ભેદના આધારે જ શોષણ વિરૂદ્ધ બંડ પોકારી શકશે.

**૭. પ્રત્યેક બાળકોને પ્રત્યેક સંજોગોનો સામનો કરતાં શીખવીએ.**

જીવન ગમે તેવું હોય પણ જીવવા જેવું છે. પ્રત્યેક બાળકને જીવનનો આનંદ લેતાં શીખવીએ, સકારાત્મક અને ઉર્જાસભર બનાવીએ. જીવનમાં દરેક બાબત એ પછી ભલે સુખ હોય કે દુ:ખ તેમાં કેમ જીવવું તે બાળકને ચોક્કસ શીખવીએ. હાર અને જીતને પચાવતાં શીખવીએ. Sharing અને Caring ની ભાવના પણ વિકસાવીએ અને ખરા અર્થમાં વિશ્વ માનવ બનાવીએ.

આમ પ્રત્યેક બાળકને આવતી કાલનો સશક્ત નાગરિક બનાવવા ચાલો આપણે સૌ મળી તેનાં બાલદિનને સપ્તરંગી બનાવીએ અને સંકલ્પ કરીએ કે બાળકોને તેનાં સુખથી ક્યારેય વંચિત નહીં રાખીએ.



**ધર્મેન્દ્ર કનાલા**
**ટ્રસ્ટી, રાજુલા**

# ટેક્નોલોજીની દુનિયા લેપટોપની સંભાળ કેવી રીતે રાખશો?

આજની યુવા પેઢીએ ડિજિટલ યુગમાં ટેક્નોલોજીની સાથે કદમથી કદમ મેળવીને ચાલવું જરૂરી બન્યું છે. શાળા કક્ષાથી જ કોમ્પ્યૂટર વિષય શીખવવામાં આવે છે. અને તે કોલેજ કક્ષા સુધી અવિરત રીતે આગળ વધતો રહે છે. કમ્પ્યૂટર અને ટેકનોલોજી વિનાનું જીવન શક્ય નથી. શાળાકક્ષાએ અને કોલેજકક્ષાએ વિવિધ પ્રકારનાં પ્રોજેક્ટ્સ તૈયાર કરવા માટે કમ્પ્યૂટરનો ઉપયોગ કરવો અનિવાર્ય બની ચૂક્યો છે. આજકાલ દર બીજા વ્યક્તિ પાસે લેપટોપ કમ્પ્યૂટર છે. કારણકે- તે ઓછી જગ્યા રોકે છે, તેની હેરફેર સરળ છે, તેને ગમે ત્યાં લઇ જઇ શકાય છે, તેને ચાર્જ કરીને ઉપયોગમાં લઇ શકાય છે. તેનું વજન ડેકસ્ટોપ કમ્પ્યૂટર કરતાં ઓછું છે. આમ, ડેકસ્ટોપ કમ્પ્યૂટર કરતાં લેપટોપ પ્રકારનાં કમ્પ્યૂટર વધુ પ્રચલિત બન્યાં છે. વળી, લેપટોપ પર તમે ખૂબજ સરળતાથી અને આરામથી કામ કરી શકો છો, પરંતુ તે સારી કામગીરી આપે અને સારૂ પરફોર્મન્સ આપે તે માટે તેની ખાસ પ્રકારની કાળજી લેવી જરૂરી બને છે. લેપટોપ કમ્પ્યૂટરની સારસંભાળ ક્યાં પ્રકારે રાખવાથી યોગ્ય અને કાર્યક્ષમ પરિણામ મળે તે બાબતની જાણકારી મળી રહે તે હેતુથી પ્રસ્તુત આર્ટીકલ રજૂ કરી રહ્યો છું.

- લેપટોપની સારી કાર્યક્ષમતા માટે તેની બેટરી સૌથી મહત્વનો ફાળો ભજવે છે. લેપટોપમાં બેટરીની સારસંભાળ રાખવાની સાથે જ યોગ્ય અને જરૂરી ચાર્જીંગ કરવું જરૂરી છે. વળી, બેટરી સારી કામગીરી આપે તે માટે યોગ્ય પાવર મેનેજમેન્ટ પસંદ કરવું જરૂરી બને છે. આ માટે તમે Control panel માં Power Option હેઠળ યોગ્ય અને જરૂરી વિકલ્પની પસંદગી કરી શકાય.
- લેપટોપની સાથે આવેલાં કંપનીના ચાર્જર વડે જ ચાર્જ કરવું હિતાવહ છે. જો ચાર્જર બગડી જાય તો સારી કંપનીનું ચાર્જર ખરીદીને તેનો ઉપયોગ કરવો જોઈએ. ચીલા ચાલુ કંપનીનું કે ચાઇનાનું ચાર્જર લેપટોપની કાર્યક્ષમતાને વિપરીત અસર કરી શકે છે.
- લેપટોપને બંધ કર્યા બાદ ચાર્જીંગ કરવું હિતાવહ છે. વળી, લેપટોપની બેટરી સંપૂર્ણપણે ડિસ્ચાર્જ ન થાય તેવું ધ્યાન રાખવું જોઈએ, આ પ્રકારની બાબત લાંબા ગાળે નુકસાન કરી શકે છે.
- જો તમે લેપટોપમાં ઈન્ટરનેટનો ઉપયોગ કરતાં હોય તો સારી કંપનીનું એન્ટિવાઈરસ સોફ્ટવેર ચોક્કસથી તેમાં ઈન્સ્ટોલ કરો અને નિયમિત રીતે તેની મદદથી સિસ્ટમને સ્કેન કરો. લેપટોપમાં ફ્રી એન્ટિવાઈરસ સોફ્ટવેરનો ઉપયોગ ન કરવો હિતાવહ છે.
- લેપટોપ પાસેથી સારૂ પરફોર્મન્સ ઈચ્છતા હોવ તો બીન જરૂરી સોફ્ટવેર ઈન્સ્ટોલ ન કરો, જરૂરી અને ઉપયોગમાં લેવાનાં તે પ્રકારનાં સોફ્ટવેર જ ઈન્સ્ટોલ કરો.
- લેપટોપને ધૂળથી બચાવવું જરૂરી છે. લેપટોપનાં વિવિધ ભાગ પર ધૂળ લાગવાથી તેની કાર્યક્ષમતા પર અસર થાય છે. લેપટોપની IC, કી બોર્ડ, ટચપેડ, લેન્સ વગેરે ભાગ પર ધૂળ લાગી જવાથી તેના કાર્ય કરવાની ક્ષમતા ઘટી જાય છે. વળી, ધૂળ જામવાનાં કારણે લેપટોપ ગરમ થવાની શક્યતાઓ પણ રહેલી છે.



- લેપટોપ પર કામ કરતી વખતે આસપાસ પાણીનો ગ્લાસ, ચા,કોફી પ્રકારનાં પ્રવાહી પદાર્થ ક્યારેય ન રાખવાં જોઈએ. જો ભૂલથી પણ તે લેપટોપ પર ઢોળાશે તો લેપટોપની સર્કિટ ખરાબ થઇ જશે.
- ખાવાનું ખાતી વખતે લેપટોપનો ઉપયોગ ન કરવો હિતાવહ છે, કારણકે હાથમાં રહેલું ખાવાનું લેપટોપનાં કિ-બોર્ડમાં આ પ્રકારનાં પદાર્થ જવાનાં કારણે તે બગડી જવાની શક્યતા રહે છે.
- ઘણાં ઉપયોગ કર્તા લેપટોપ પર પુસ્તકો, પેપર્સ અને કેટલીક વખત ભારે વસ્તુઓ પણ મુકતાં હોય છે, જે યોગ્ય નથી. આ કરવાથી લેપટોપની સ્ક્રિનને નુકશાન થવાની શક્યતા છે.
- લેપટોપને વારંવાર ફોર્મેટ ન કરો, આવું કરવાથી હાર્ડડિસ્ક ખરાબ થવાની શક્યતા રહે છે.
- લેપટોપને બાળકોની પહોંચથી દૂર રાખો.
- જો વીજળી અવારનવાર જતી હોય તો લેપટોપને અગાઉથી ચાર્જ કરી લેવું હિતાવહ છે, જેથી કરીને અગત્યનું કામ કરતી વખતે કોઈ પણ પ્રકારની સમસ્યા ન સર્જાય.
- લેપટોપને સારી ક્વોલીટીની બેગમાં રાખવું જરૂરી છે. લેપટોપ બેગનો ઉપયોગ ફક્ત લેપટોપ રાખવા માટે થતો નથી, પરંતુ આકસ્મિક રીતે જો બેગ પડી જાય તો તેમાં રહેલાં લેપટોપને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય તે માટે પણ થાય છે.

આજ પ્રકારની ટેક્નોલોજીને લગતી બાબતો સાથે ટેક્નોલોજીની દુનિયા હેઠળ The Open Page ના માધ્યમથી ફરી મળીશું. નવા વિચાર અને નવા ટેક્નોલોજીને લગતાં મુદ્દા સાથે...

અને હા.. આપના અમૂલ્ય સૂચનો The Open Page ના માધ્યમ થકી મોકલતાં રહેશો.



**તેજસ ઠક્કર**
**IT EXPERT**
www.tejasthakkar.com

ખુશી ત્યારે મળશે જ્યારે તમે જે વિચારો છો, જે કહો છો, અને કે કરો છો, અને એ તમારી સંવાદિતામાં હોય **-મહાત્મા ગાંધી**

# ચતુર શિયાળભાઇ



એક મોટું જંગલ હતું. જંગલમાં શાકાહારી અને માંસાહારી બંને પ્રકારનાં પ્રાણીઓ રહેતાં હતાં. જંગલમાં એક નાનું તળાવ પણ હતું. જંગલમાં રહેતાં બધાજ પ્રાણીઓ આ તળાવમાં પાણી પીવા આવતાં. તળાવમાં માછલાં, દેડકાં, કાચબા, બગલાં, બતકો વગેરે હળીમળીને રહેતાં હતાં.

એક દિવસ હાથીભાઇને ખૂબ તરસ લાગી. હાથીભાઇ પાણી પીવા આ નાનકડાં તળાવમાં આવ્યાં. તળાવ સામે જોઇ મનમાં ને મનમાં મલકાયા અને બોલ્યાં, ‘કેટલું સુંદર અને ચોખ્ખું પાણી છે ! મને પણ તરસ ખૂબ લાગી છે. લાવ આજે તો તળાવમાંનું બધું જ પાણી પી જાઉં.’ હાથીભાઇનો આ અવાજ તળાવમાં રહેતાં સૌ જળચરો સાંભળી ગયાં. તેઓ હાથીભાઇને કહેવા લાગ્યાં, ‘હાથીભાઇ – તમે બધું પાણી ના પી જશો. તમે જો બધું પાણી પી જશો તો અમે શું કરીશું ? ક્યાં રહીશું ? અને જંગલમાં રહેતાં બીજા પ્રાણીઓ પણ પાણી પીવા ક્યાં જશે ?’

આ સાંભળી હાથીભાઇ તો ફુલાઇ ગયાં અને મોટાં અવાજે બોલ્યાં. ‘ચૂપ! તમારૂં અને જંગલનાં પ્રાણીઓનું જે થવું હોય તે થાય પણ હું તો બધું પાણી પી જવાનો એટલે બસ પી જવાનો.’ આટલું બોલી હાથીભાઇ તો સૂંઢ વડે પાણી પીવા લાગ્યાં અને જોત જોતામાં નિર્દય બની બધુંજ પાણી પી ગયા અને પોતાના ઘરે જઇ સૂઇ ગયાં.

થોડીવાર પછી જંગલમાં રહેતાં બીજા પ્રાણીઓ તળાવમાં પાણી પીવા આવ્યાં. જોયું તો તળાવમાં પાણી જ નહીં. માછલાં, દેડકાં, કાચબાં વગેરેને પૂછ્યું ત્યારે જવાબ આપતાં હાથીભાઇવાળી વાત જણાવી. વાત જાણી બધાંજ ભેગા થયાં અને નક્કી કર્યું કે પાણી તો પાછું લાવવું જ પડશે નહીતર આપણે બધા પાણી વગર તરસે મરી જઇશું. વાઘ અને ચિત્તો તો કહેવા લાગ્યા, ‘અમે હાથીભાઇ જોડે યુદ્ધ કરીશું પણ પાણી તો પાછુ લાવીશું જ.’

આમ નક્કી કરી ભેગા થયેલા બધા જ પ્રાણીઓ હાથીભાઇનાં ઘરે ગયાં. વાઘ અને ચિત્તાએ જોરથી બુમ પાડી પાણી પાછુ આપવા જણાવ્યું અને કહ્યું, ‘પાણી પાછુ ન આપવું હોય તો અમારી સાથે યુદ્ધ કરો.’ આ વાત સાંભળી હાથીભાઇ ખીજાયા. હાથીભાઇનું વાઘ અને ચિત્તા જોડે યુદ્ધ થયું. હાથીભાઇએ વાઘ અને ચિત્તાને ખૂબ માર મારી હંફાવી નાખ્યાં, પ્રાણીઓ બધાં તળાવ કિનારે પાછા આવ્યાં ફરી પાછી મીટીંગ બોલાવી અને ચિંતા વ્યક્ત કરી કે હવે શું કરવું ?બધાં જ વિચારવા લાગ્યાં.

એવામાં શિયાળભાઇ ઉભા થયાં અને કહ્યું, ‘હવે બળથી નહી પણ કળથી કામ લેવું પડશે.’ શિયાળભાઇની વાત સાંભળી બધાં બોલ્યાં. ‘પણ કેવી રીતે ?’ ત્યારે શિયાળભાઇએ જવાબ આપ્યો, ‘બધુ તમે મારા ઉપર છોડી દો અને ચાલો મારી સાથે. તમારે કોઇએ પણ કશું જ બોલવાનું નહીં.’

આમ કહી શિયાળભાઇ આગળ ચાલ્યાં અને બધા તેની પાછળ ચાલતાં ચાલતાં બધા વિચાર કરતાં હતાં કે શિયાળભાઇ શું કરશે ?એવામાં હાથીભાઇનું ઘર આવી ગયું.

શિયાળભાઇ હાથીભાઇ પાસે ગયાં અને બે હાથ જોડી પ્રણામ કર્યા. હાથીભાઇએ માથુ હલાવી પ્રણામનો સ્વિકાર કરતાં કહ્યું, ‘સારૂ સારૂ !કેમ આવ્યાં છો ?’ શિયાળભાઇએ કહ્યું, ‘હાથીભાઇ મારે તમને એક ગીત સંભળાવવું છે.’ હાથીભાઇ વળી પાછુ માથુ હલાવતાં બોલ્યા, ‘તારે ગીત ગાવું હોય તો ગા. એમાં મને શો વાંધો હોય ?’ શિયાળભાઇ તો રાજી થઇને ગીત ગાવાં લાગ્યાં.

***હાથીભાઇ તમે પ્યારા છો,***
***સુંદર સુંદર લાગો છો.***
***મોટી સૂંઢ રાખો છો,***
***લાડુ ખૂબ ખાવો છો.***
***દિલમાં દયા રાખો છો,***
***જે માંગે તે આપો છો.***

શિયાળભાઇનું આ ગીત સાંભળી હાથીભાઇ પ્રસન્ન થયાં અને કહેવા લાગ્યાં, ‘માંગો શિયાળભાઇ, માંગો.’ તમારે જે જોઇએ તે માંગો, મોકો જોઇ શિયાળભાઇએ કહ્યું, ‘હાથીભાઇ મારે કશું જ નથી જોઇતું પણ !’ એમ કહી પાણી પાછું આપવાની વાત જણાવી અને સાથે સાથે પાણી પાછું ન મળે તો શું શું તકલીફો થાય તે વાત પણ વિગતે જણાવી. હાથીભાઇને શિયાળભાઇની સઘળી વાત સમજાણી અને મરક મરક મલકાઇ બોલ્યાં, ‘શિયાળભાઇ તમે બધા મારી પાછળ પાછળ ચાલો.

હાથીભાઇની પાછળ પાછળ બધા તળાવ પાસે ગયાં. હાથીભાઇએ સૂંઢ ઉંચી કરી જોરથી ચીંધાડ્યાં અને પોતાની સૂંઢ તળાવની જમીન પર પછાડી. સૂંઢ પછાડતાં જ આકાશમાં વીજળી અને કડાકા થવા લાગ્યાં. કાળાં કાળાં વાદળોમાંથી વરસાદ પડવાં લાગ્યો. જોતજાતાંમાં તળાવ પાણીથી ભરાઇ ગયું.

બધા આનંદમાં આવી નાચવા કૂદવા લાગ્યાં અને જંગલનાં પ્રાણીઓ તથા જળચર જીવો શિયાળભાઇને શાબાશી આપવા લાગ્યાં. તેમની બુદ્ધિ અને ચતુરાઇને બિરદાવી સૌ પોત-પોતાનાં ઠેકાણે ચાલ્યાં ગયાં. હાથીભાઇ પણ પોતાની મસ્તીમાં ડોલતાં-ડોલતાં પોતાનાં ઘરે જતાં રહ્યાં.



**ખોડાભાઇ પટેલ (ધર્મેશ)**
**આચાર્ય, મહેસાણા**

## ગુરૂકૃપા વિદ્યાલયમાં શૈક્ષણિક તાલીમનું આયોજન





**ગુરૂકૃપા વિદ્યાલય, મોરાભાગળ, રાંદેર રોડ, સુરત ખાતે બે દિવસ શિક્ષકો માટે શૈક્ષણિક તાલીમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમગ્ર તાલીમનું આયોજન શાળાના આચાર્ય શ્રી નૈલેષભાઈના નેજા હેઠળ કરવામાં આવ્યું. આઇસીઆઇના સર્ટીફાઇડ ટ્રેનર કલ્પેશભાઈ ગાંધી દ્વારા અભ્યાસ પ્રત્યે રૂચિ વધે અને શિક્ષણની અસરકારકતા વધે તે માટે શાળામાં વિવિધ વિષયો જેવા કોમ્યુનિકેશન સ્કિલ અને રીલેશનશીપ જેવા વિષયોની તાલીમ આપવામાં આવી હતી. બીજા વક્તા દ્વારા શિક્ષકોને “સાચી જોડણી લાગે વ્હાલી” વિષય ઉપર ગુજરાતી ભાષામાં જોડણીનું મહત્ત્વ વિષયને પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા અસરકારક રીતે તાલીમ આપી સમજાવવામાં આવી હતી. તાલીમ દરમ્યાન શિક્ષકો મોટી સંખ્યામાં હાજર રહી શૈક્ષણિક તાલીમને પ્રશ્નોત્તરી સાથે સફળ બનાવી હતી.**

## સ્કુમ સ્કૂલ્સમાં ‘ઇગ્નાઇટ’ પ્રદર્શનનું આયોજન





**ડ્રાઇવ ઇન રોડ પર આવેલ સ્કુમ સંસ્થા સંચાલિત ગુજરાતી સ્કુલ્સમાં વિદ્યાર્થીઓ દ્વારા સ્પેક્ટ્રમસાયન્સ ક્લબ અંતર્ગત વિવિધ વૈજ્ઞાનિક પ્રવૃત્તિઓનું આયોજન થતુ રહે છે. બાળકોની સર્જનાત્મકતા ખીલે, વૈજ્ઞાનિક અભિગમ કેળવાય તેમજ ગણિત પ્રત્યે રૂચિ ઉજાગર થાય તે હેતુથી ‘ઇગ્નાઇટ’ ગણિત-વિજ્ઞાન પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યું હતું.**

## અભિનંદન



ધામોલિયા વિશાખા

**કૌશલ વિદ્યાભવન, નાના વરાછા – સુરતમાં ધોરણ ૧૦માં અભ્યાસ કરતી ધામોલિયા વિશાખા રાજેશકુમારે મોટા ફોફળિયા, વડોદરા ખાતે યોજાયેલ જિમ્નાસ્ટિક ખેલ મહાકુંભમાં ભાગ લીધો હતો. તેમાં તેણીએ અનિવન બારમાં ગોલ્ડ મેડલ અને બેલેન્સીગ બીમમાં સીલ્વર મેડલ મેળવીને સમગ્ર ગુજરાતમાં આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિકમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કર્યો છે. આ બદલ શાળાનાં ટ્રસ્ટીશ્રી પરબતભાઇ ડાંગશિયા, શ્રી સવજીભાઇ પાઘડાર, આચાર્યશ્રી હરેશભાઇ પાંડવ અને શાળા પરિવારે ખૂબ ખૂબ અભિનંદન પાઠવ્યાં છે.**



કલ્પેશભાઇ ડી.

**રાધનપુરની શેઠ કે.બી. વકિલ વિવિધલક્ષી વિદ્યાલયમાં ફરજ બજાવતાં ગણિત શિક્ષકશ્રી કલ્પેશભાઇ ડી. અખાણીની કારોબારી સભ્ય તરીકે સર્વાનુમતે વરણી કરવામાં આવી છે. ધ્રોલ મુકામે યોજાયેલા ગુજરાત ગણિત મંડળના ૫૪માં અધિવેશનમાં મંડળનાં મંત્રીશ્રી દેવભદ્રભાઇ શાહે જાહેરાત કરી હતી. આ અગાઉ કલ્પેશભાઇની ૧૯૯૭-૯૯ તેમજ ૨૦૧૨-૧૪ એમ બે વખત વરણી થઇ હતી. આમ તેમની ત્રીજી વખત વરણી થઇ છે. શાળા પરિવાર તેમજ શુભેચ્છકોએ તેમને અભિનંદન પાઠવ્યાં છે.**

## વેસ્ટ સીડીમાંથી બનાવો ડેકોરેટીવ દિવા





**સામગ્રી**

- નક્કામી સીડી
- કલરફૂલ સ્ટોન / મણકા
- ગુંદર
- તૈયાર દિવા
- ૩ ડી આઉટલાઇનર

**બનાવવાની રીતઃ**

૧. એક નક્કામી સીડી લો. તેને સ્વચ્છ કપડાંથી સાફ કરો.
૨. ૩ડી આઉટલાઇનર ની મદદથી ખૂબજ ધીરજથી અને સરળતા સાથે સીડી પર એક પેટર્ન અથવા ડિઝાઇન બનાવો.
૩. કેટલાક રંગીન સ્ટોન કે મણકાથી તેને શણગારો.
૪. સીડીને વચ્ચે જ્યાં ખાલી જગ્યા છે. ત્યાં તૈયાર દિવો મૂકો.



## જો જો પાછા હસતા નહી

### સંતાનું ઇંગ્લિશ

સંતા ઇંગ્લિશનાં પેપરમાં ફેલ થયો. એના બધા માર્ક ભાષાંતરમાં કપાઇ ગયા. વાંચો એનાં નમૂના.

(૧) મેં એક આમ આદમી હું.
**અનુવાદઃ** આઇ એમ વન મેંગો પરસન
(૨) મુઝે ઇંગ્લિશ આતી હૈ.
**અનુવાદઃ** ઇંગ્લિશ કમ્સ ટુ મી
(૩) મેરા ગાવ હરિપુર હજારા હૈ.
**અનુવાદઃ** માય વિલેજ ઇઝ ગ્રીનપુર થાઉઝંડા
(૪) સડક પે ગોલીયા ચલ રહી થી.
**અનુવાદઃ** ટેબ્લેટ્સ વેર વોકિંગ ઓન ધ રોડ

### શાંતાબહેનને પત્ર લખ્યો

શાંતાબહેન પિયર ગયાં હતાં. શાંતિલાલાનાં અનેક પત્રો છતાં વિલંબ કરતાં હતાં. છેવટે શાંતિલાલે એક યુક્તિ કરી તેણે શાંતાબહેનને પત્ર લખ્યો કે, સામેવાળા સરલાબેન મારૂં બહુ ધ્યાન રાખે છે. રોજ ગરમ રસોઇ જમાડે છે. અને જે કંઇ જોઇતું હોય તે આપી જાય છે.. ટપાલ મળતાં જ શાંતાબહેન ઘેર આવવાં રવાના થયાં!

### મરઘીનાં બચ્ચા

નાનકડો બચું એક ટોપલીમાં મરઘીનાં બચ્ચા લઇને ઘેર પાછો આવતો હતો. રસ્તામાં એને ઠોકરવાગી. ટોપલી ખૂલી ગઇ. બચ્ચાં ભાગી ગયાં. છતા બચું હિંમ્મત હાર્યો નહીં. આજુબાજુની વાડમાંથી, ખેતરમાંથી, ગરનાળામાંથી, ઘાસમાંથી, અને આસપાસના ઘરોની દિવાલો પાછળ દોડી દોડીને એણે થાય એટલા બચ્ચા ભેગા કરીને ટોપલામાં મૂક્યા છતા ઘરે આવીને એણે એના બાપાને કહ્યું આ ટોપલી સાચવીને રાખો પડી ગઇ હતી તેમાંથી બચ્ચા ભાગી ગયા હતા પણ ચિંતા ના કરો મેં બારે બાર બચ્ચાને પકડીને ટોપલીમાં પાછા પૂરી દીધા છે. બચુંના બાપા કહે શાબાશ બેટા રોજ આવું જ કામ કરજે. ટોપલીમાં ચાર જ બચ્ચા હતા.